**<u>વટવા પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૫૦૧૬૦/૨૦૨૫ ના કામે આરોપી – રવિ મહેન્દ્રભાઈ ઠાકોર નાઓની જામીન અરજી લગત હુકમ</u>:**

(૧) આરોપીઓની જામીન અરજી વંચાણે લીધી. આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીને તથા સરકાર તરફે વિ.એપીપીશ્રીને સાંભળ્યા. તપાસ કરનાર અમલદાર/ઈન્ચાર્જ અમલદારશ્રીને સાંભળ્યાં. ફરિયાદ તથા તપાસના કાગળ તથા કેસ ડાયરી વંચાણે લીધા.

(૨) આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, આરોપીઓ નિર્દોષ છે, આરોપીઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે, આરોપીઓ કયાંય નાસી ભાગી જાય તેમ નથી આરોપીઓએ અન્ય કોઈ ગુન્હો કરેલ નથી, આરોપીઓ સામે નોંધાયેલ ગુન્હો દેહાંત દંડ કે આજીવન કેદ ની સજાને પાત્ર ગુન્હો નથી આરોપીઓની ટ્રાયલ સમયે હાજર રહેશે, અદાલત જે કાઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું અચુક પાલન કરશે, આરોપીઓ ઉપર જે ગુન્હાનો આક્ષેપ છે તે આજ અદાલત ધ્વારા ટ્રાયબલ કેસ છે તેવી રજુઆત કરી આરોપીઓને જામીન ઉપર મુકત કરવાં ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૩) સરકાર તરફે એપીપીશ્રી પોતાની દલીલમાં એવું જણાવે છે કે, આ કામમાં પોલીસ તરફથી ગુન્હાની જે કલમ લગાડવામાં આવેલ છે તે બરોબર છે, આરોપીઓ વિરુધ્ધ જે ગુન્હાનો આક્ષેપ છે તે આરોપીએ જ કરેલ છે, આરોપીઓએ જે પ્રકારે ગુન્હો આચરેલ છે તેનુ સ્વરૂપ ધ્યાને લેતાં ખુબ ગંભીર પ્રકારે ગુન્હો આચરેલ છે. સમાજમાં દીન પ્રતિદીન આવા પ્રકારના ગુન્હાનું પ્રમાણ વધતું જાય છે અને આરોપીઓ સરળતાથી બેલ આઉટ થતા બીજા ગુનેગારો પણ આવા ગુના કરવા પ્રેરાય છે અને રાજય તથા સમાજ ને ખુબ મોટા પ્રમાણમાં નુકશાન જાય છે. આરોપીઓએ જે રીતે ગુન્હો આચરેલ છે તે ધ્યાને લેતાં આરોપીઓને જામીન મુકત કરવાં જેવો કેસ જણાઈ આવતો ના હોય આથી આરોપીઓને જામીન ઉપર મુકત કરવા સામે સખ્ત વાંધો લીધેલ છે.

(૪) આરોપીઓના વિધ્વાન વકીલશ્રી સરકાર તરફે વિ.એપીપીશ્રી તથા તપાસ કરનાર અમલદારની રજૂઆત તથા રજુ કરવામાં આવેલ કેસ પેપર્સ ધ્યાને લેતાં આ કામના આરોપીઓ ઉપર ધી પ્રોહી કલમ–૬૫(એ)(ઈ), ૮૧ મુજબના ગુન્હા નોંધાયેલ છે. જામીન અરજીના તબ્બકે નામ સુપ્રિમકોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે તેમજ સંજય ચ્રંન્દા વિરુધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨(૧) એસ સી સી પેઝ નંબર–૪૦, ના ચુકાદામાં તથા સત્યેન્દ્ર અંતીલ વિ. સીબીઆઈના કેસના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે કરેલા અવલોકન ધ્યાન સમક્ષ રાખતાં આ કામના આરોપીઓ ઉપર જે ગુનાનો આરોપ છે તે ગુનાનું સ્વરૂપ તેમજ વધુમાં વધુ આ ગુનામાં સજાની જોગવાઈ આરોપીઓની પરિસ્થિતિ તેમજ આરોપીઓ તથા તેમના વિ.વકીલશ્રી એવું જણાવતા હોય કે દર મુદતે અદાલતમાં હાજર રહી કેસ આગળ ચલાવી લેશે આ તમામ બાબતો ધ્યાન સમક્ષ રાખતાં હાલના આ

કેસમાં શરતો મુકવી યોગ્ય જણાઈ આવતાં હાલની આ જામીન અરજીના કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

**::: <u>હુ ક મ</u> :::**

વટવા પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૫૦૧૬૦/૨૦૨૫, ધી પ્રોહી કલમ–૬૫(એ)(ઈ), ૮૧ મુજબના કામના દરેક આરોપી રવિ મહેન્દ્રભાઈ ઠાકોરનાઓની ઉપરોકત ગુનાના કામમાં રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:–</u>**

(૧) આરોપીઓએ ફરીયાદપક્ષના સાક્ષી, પુરાવા સાથે ચેડા કરવાં નહી કે લોભ લાલચ પ્રલોભન કે ધાક ધમકી આપવી નહી.

(૨) આરોપીઓએ તપાસના કામે સંપૂર્ણ સાથ– સહકાર આપવાનો રહેશે અને તપાસ કરનાર અધિકારી તપાસના કામે જયાં અને જયારે બોલાવે ત્યાં અને ત્યારે ઉપસ્થિત થવું.

(૩) આરોપીઓએ પોતાના રહેણાંક તથા અન્ય બે સગાસંબંધીનું કાયમી સરનામું, ટેલીફોન, મોબાઈલ નંબર સાથે ૦૭ (સાત) દિવસમાં જાહેર કરવાના રહેશે અને તે અંગેના સરકારી આધાર તપાસ કરનાર અમલદારને રજુ કરવાના રહેશે અને તપાસ કરનાર અમલદારે તે તપાસના કામે સામેલ રાખવાના રહેશે.

(૪) આરોપીઓએ અદાલતની પરવાનગી વગર ગુજરાત રાજય ની હદ છોડવી નહી.

(૫) આરોપીઓએ ફરી આવો કે અન્ય કોઈપણ પ્રકારનો ગુનો આચરવો નહી.

આરોપીઓ ધ્વારા કોઈપણ શરતનો ભંગ કર્યાની જાણ (યોગ્ય આધાર સાથે) તપાસ કરનાર અમલદાર કે થાણા અધિકારીએ આ અદાલતને તાત્કાલીક કરવાની રહેશે.

સદર હુકમની જાણ લગત પોલીસ સ્ટેશનને યોગ્ય કાર્યવાહી માટે તાત્કાલીક મોકલી આપવાની રહેશે.

આ હુકમ આજ તારીખ–૧૪મી માહે–ફેબ્રુઆરી સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા. ૧૪/૦૨/૨૦૨૫.**
**સ્થળ:–અમદાવાદ.**

**(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૦, અમદાવાદ.**
**કોડ નં – જીજે – ००९२५**
**કોડ નં – જીજે – ००९२५**